| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. | સિંદુબેન રવીન્દ્રભાઈ વળવી | વેસગાવ | ૬૭ | નિરક્ષર |
| ૨૦. | સંગીતાબેન કન્નયા વળવી | કેવડામોવિ | ૫૪ | નિરક્ષર |
| ૨૧. | મિરાબેન આનંદભાઈ પાડવી | કેવડામોવિ | ૬૫ | નિરક્ષર |
| ૨૨. | કુંતાબેન માનસિંગભાઈ વળવી | આશાપુર | ૭૩ | નિરક્ષર |
| ૨૩. | માલતીબેન દિનેશભાઇ વળવી | ડોડવા | ૪૦ | આઠમું |
| ૨૪. | ઉર્વશી સાગરભાઈ વળવી | મેણપૂર | ૪૪ | દસમું |
| ૨૫. | જેવંતીબેન કુંવરસિંગ વળવી | પાનીબારા | ૪૫ | નિરક્ષર |
| ૨૬. | નમુબેન ફતેસિંગભાઈ પાડવી | મેણપૂર | ૫૩ | દસમું |
| ૨૭. | માલતીબેન મંગેશભાઈ વળવી | મોદલા | ૩૦ | આઠમું |
| ૨૮. | જેવંતીબેન વંતાભાઈ વળવી | બોરીકુંવા | ૫૯ | નિરક્ષર |

# પ્રકરણ:૪ લોકકથા

*પ્રસ્તાવના*

ગુજરાતમાં કુલ ૨૯ જેટલા આદિવાસી સમુદાયો વસવાટ કરે છે. આ ૨૯ સમુદાયોની અલગ-અલગ વિસ્તાર પ્રમાણે અલગ-અલગ બોલીઓ છે. કેટલાક સમુદાયોમાં તો બોલીઓ લુપ્ત થવા લાગી છે. શહેરની નિકટતા અને માનવની જરૂરિયાતોએ આજે મોટાભાગના લોકો શહેર તરફ ખેચાયા છે. સાંપ્રત સમયમાં મિશ્રિત સંસ્કૃતિનો એટલો પ્રભાવ પેઢીને પડી રહ્યો છે કે પોતાની પરંપરા અને સંસ્કૃતિને માણસ ભૂલતો જઈ રહ્યો છે. એમાં પણ જે મૂળમાંથી જ જાણકાર હતા એવા વડીલો હવે ઓછા થઈ ગયા છે. સંપૂર્ણપણે,વગર તૂટયે કોઈ પરંપરા વિશે વાત કરે છે. અનુસરે એ ટેરવે ગણાવી લઈએ એટલા રહી ગયા છે. કઈ કેટલીય બોલીઓએ આજે બીજી ભાષાનો હાથ પકડી લીધો છે.

કહેવાયું છે કે વાણી દ્વારા વહેતી લોકવિદ્યાના મુખ્ય બે પ્રકારો તે લોકકથા અને લોકગીત છે. લોકસાહિત્યનુ મુખ્ય વ્યાપક એવું અંગ તે કથા છે. એને લોકકથા કહીએ છીએ. “જે કથા કોઈ એક જ વ્યક્તિની કલ્પનામાંથી નથી પરંતુ વિવિધ લોકો દ્વારા વિવિધ તબક્કે અને વિવિધ રીતે કહેવાઈને સંસિદ્ધ થઈ છે તે લોકકથા.” ગુજરાતનાં આદિવાસીઓમાં

દરેક પ્રદેશે વસતા આદિવાસીઓની લોકકથા આપણે સાંભળી છે પરંતુ વસાવા સમાજની લોકકથાઓનો ક્યાંક ઉલ્લેખ જ જોવા મળેલ છે.

## ૪.૧. વસાવા લોકકથાઓનો પરિચય.

વસાવા સમાજની કેટલીક લોકકથાઓ જેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. જેમાં પ્રથમ અને મોટી કથા જો મળી છે તો એ છે દેવમોગરા માતા કે યાહા મોગીની કથા. ત્યારપછી મોલ્હોબાય-ગીબદેવની કથા અને એવી અનેક નાની-મોટી દંતકથાઓ મળે છે જેવી કે બોહી બોહીન માંડો (બેસી-બેસીને રોટલો), બીખરી દોહલી( ડરેલ ડોશી), બાકલાય નાય હારી(ઉતાવળ નહીં સારી), આજલી ડાગુલો(ડોશીનું મધ), એજ તે બાંડ(એ જ તે ચોર), ખેરી ભક્તિ( ખરી ભક્તિ), હુશાર કોલો(હોશિયાર શિયાળ) વગેરે.

પહેલી કથા આદિવાસીઓની કુળદેવી દાબરાજ્યની રાણી યાહામોગી ની કથા. આ કથા જુદા-જુદા ભાગોમાં, વિસ્તારે -વિસ્તારે પરિવર્તન પામેલી અને સમયે -સમયે બદલાતી કથા. ઘણીબધી સામ્યતા ધરાવતી પણ આ કથા. પહેલી કથા આદિવાસી ભીલ પાવરાઓની દેવકથાઓમાં યાહામોગીની એક કથા આવે છે. તે અનુસાર દાબરાજ્યનો રાજ્યની સાથેનું રાજ તે નિમબાદપાટી, નિમબાદપાટીનો રાજા સુપારાજે અને રાની ડોહલીવાણું. આ બંને રાજ્યની રાનીને છોકરા થતાં ના હોવાથી નિરાશ થયેલી દેવગોનદારી અને દડોહલીવાણું સંતાનપ્રાપ્તિ માટે લેખારી-જોગારી પાસે ગઈ. લેખારી-

જોગારીએ દાણા આપ્યા. તેનાથી દાબરાજ્યની રાણીએ રાજાપાનઠા અને યાહામોગીને જન્મ આપ્યો. અને રાણી ડોહ્લીવાણુંએ ગાંડું ઠાકુર અને રૂપાલદેવીને જન્મ આપ્યો. જુવાન થયેલાં આ ભાઈ-બહેનો એકવાર લોકો સાથે સાથે મળીને બળગાંણની ખાડીમાં માછલાં પકડવા માટે આવે છે. ત્યાં રૂપાલદેવી પર અને ગાંડા ઠાકુરની નજર યાહામોગી પર પડે છે. પ્રથમ નજરે જ એકબીજાને જોતા તેઓ પ્રેમમાં પડે છે. ત્યાં જ બંને મિત્રો પોતપોતાની બહેનોની અદલાબદલી કરી પ્રેમલગ્નથી જોડાય જાય છે અને બંને પોતપોતાની પત્નીઓને લઈને ઘર તરફ ચાલી નીકળે છે. મહામુશ્કેલીએ આ પ્રેમલગ્નને બંને રાજ્યમાં માન્યતા મળે છે. થોડા સમય પછી દાબમાં દાબના રાજયનો પાડો મૃત્યુ પામે છે. સાજોમાંજો પાડો મારી જતાં રાજાએ ગામતપાસ કરાવી, તેમાં પૂજારાએ રાજાપાનઠાની પત્ની રૂપલાદેવીને ડાકણ જાહેર કરી. ગામ છોડીને રાતોરાત રાજાપાનઠા અને રૂપલાદેવી બીજા પ્રદેશમાં ચાલી નીકળ્યા. દુદયા દએબરાના ગામમાં પણ આશરો ન મળતા આગળ વળવાદલા રાજાના રાજ્યમાં રહેવા માટે જંગલમાં જગા મળી. ત્યાં થોડા સમય રહ્યાં પછી એક દિવસ રાજાપાનઠો રૂપલાદેવીને જંગલમાં છોડીને પોતાના માં-બાપને મળવા દાબમાં ચાલ્યો જાય છે. રૂપલાદેવી જંગલમાં સાત પુત્રોને જન્મ આપે છે. આ સાતપુત્રો સાત વાઘ(બાગ)તરીકે ઓળખાય છે. નોદડીઓડેવ, ધાન્યોવાગ,

બિલાડીઓવાગ, જુદીવાગ,સાપાવાગ, કાળીઓવાગ અને પાંદરાવાગ અઆ સાતે પુત્રોમાં પાંદરાવાગ સૌથી બળવાન હતો. તેનું લગ્ન ગવાળીરાજા અને ઇરલામાતાની પુટી સુંબાઈ સાથે થયું હતું.

બીજી એક કથા અનુસાર એવું કહેવામાં આવે છે કે બાર વર્ષમાં દુષ્કાળમાં રાજા બાહ્ગઓરયાને જંગલમાં ફરતા ફરતા એક સાગનાં ઝાડ નીચે મૃતયુવત હાલતમાં એક જુવાન છોકરી મળી. આ છોકરીને બાહ્ગાર્યાએ પોતાની રાનીને સોંપી અને રાણી ઉમરાવાણુએ પોતાની પુત્રી હોય તેમ પોતાની સાથે રાખી, મોટી કરી. તે જ યાહામોગી એવું કહેવામાં આવે છે કે યાહામોગીએ સંકટ સમયે જુદા જુદા રૂપો ધારણ કર્યા હતા. તેને નવસો પ્રકારની વિદ્યાઓ અવગત હતી.

આ દુષ્કાળના વર્ષમાં રાજાપાનઠો અને ગાંડો ઠાકુર બંને તોરણમાલનું તળાવ ખોદતાં હતા. આ બંને મામાફોઈના છોકરા હોવાથી તેમણે બેનું હેજયહાં તરીકે ઓળખવામાં આવતા હતા. બંને એકબીજા સાથે ગાઢ મૈત્રી નિભાવતા હતા. તોરણમાલના તળાવનું ખોદકામ ચાલતું હતું તે વખતે એક દિવસ યાહામોગી ત્યાં થઈને પાતારી(બપોરનું ભાથું આપવા) જતી હતી. રાજાપાનઠા અને ગાંડાઠાકુરને જોઈને તે તળાવમાં સંતાઈ ગઈ હતી. બંને તેની શોધમાં ફરતા હતા. ત્યારે તે ત્યાંથી ભાગીને તે દાબમાં જઈને વાસન ગાંઠમાં છુપાઈને બેઠેલી. ત્યાં જ ઝૂલે બાંધીને રહેતી હતી,

પરંતુ ત્યાં લાગી રાજાપાનઠોઅને ગાંડા ઠાકુર આવી પહોંચ્યા હતા. એટલે ત્યાંથી તે દેવમોગરા ગામએ આવતી રહેલી, ત્યારથી તે દેવમોગરા ગામએ સ્થાયી થઈ ગઈ હતી. આવી અનેક કથાઓ યાહામોગીના નામે આ વિસ્તારમાં વિસ્તરેલી છે.

એવી જ બીજી કથા એટલે મોલ્હોબાય- ગીંબદેવની કથા. દક્ષિણ ગુજરાતના રાજપીપળાથી થોડે આગળ દેડિયાપડાથી લઈ મહારાષ્ટ્રના નંદુરબાર,નવાપુર  તેમજ સોનગઢથી લઈ સુરત અને સાતપુડાની હારમાળાઓમાં વસતા આદિવાસીઓમાં 'મોલ્હોબાય-ગીંબદેવ' કથા ક્યાંકને ક્યાંક મૌખિકરૂપે પડેલી છે. કથાની શરૂઆતમાં ભગવાને દેવોની ઉત્પતિ તો કરી પરંતુ બધાં દેવોના નામ,કામ અને તેમણે શું ચઢાવવામાં આવશે એ નક્કી નથી કર્યું તેથી ભગવાન બધાં દેવદેવીઓ જીવજંતુઓને ભેગા કરવાનું વિચારે છે. તેથી બધાં જ દેવદેવીઓને અને જીવજંતુઓને નાંદુ(નાંદોદ)ભેગા કરવામાં આવે છે. બધાને પોત-પોતાના કામની વહેચણી પણ કરવામાં આવે છે. સાથે-સાથે તેમની શું ચઢાવી પૂજા થશે તેની પણ વાત કરવામાં આવે છે. પછી બધાંજ દેવોને ભરૂચમાં લઈ જઈને ભરોસો આપવામાં આવે છે. અને છેલ્લે સુરત લઈ જવામાં આવે છે. સૌ દેવીદેવતાઓ કદરૂપા હોવાથી સુરતમાં લઈ જઈ સુરતવાન બનાવવામાં આવે છે. બધાનું નામકરણ થયાં પછી તેમને કાર્યોની વહેચણી કરી અને

લોકો કેમ તેમને તેમના નામ થી ઓળખશે તેની વાત કરી છે.નામ-કામ અને સંબંધની વાત કર્યા પછી કથા આગળ અવધે છે. કથા આગળ વધતાં બાર વર્ષનો દુકાળ પડે છે. દુકાળના લીધે સર્વે સૃષ્ટિ અને સાથે સાથે દેવોને પણ કસ્ટ વેઠવાનો વારો આવ્યો છે. દેવોમાં રાજાપાંઠા અને વિનયોદેવ દુકાળની અસર સમગ્ર સૃષ્ટિ પર પડી છે કે કેમ એ જોવા નીકળી જા છે. બંને દેવોની પત્ની ગર્ભવતી હોવાથી તેમણે સાથે લઈ જતાં નથી. રાજાપાંઠા અને યાહામોગીનું સંતાન ગીંબદેવ પાંચમા દિવસેજ પોતાની પત્ની ને શોધવા નીકળી પડે છે. ગીંબદેવ લેખારી-જોખારીને પૂછે છે કે મારી પત્ની કોણ છે?ક્યાં છે? પણ એના નામ નું પાનું જ ફાટેલું હોવાથી તે જાની શકતો નથી.ગીંબદેવ લેખારી-જોખારી કહે છે કે તારી પત્ની કાલ્યાવેડાની દીકરી મોલ્હોબાય છે. ગીંબદેવ પોતાના પિતાનું દાબ રાજ્ય છોડીને સાતપૂડામાંથી તળેટીમાં ઉતરી આવે છે. ગીંબદેવ હવે શોધતો-ભટકતો બીજા રાજ્યમાં આવી જાય છે.ત્યા રસ્તામાં તેણે બેથ્યોકુંવર મળે છે. બેથ્યોકુંવર તેને તેના રાજ્યમાંથી માર મારીને ગીંબદેવને કાઢી મૂકે છે. ગીંબદેવ આગળ વધતાં કાલ્યાવેડયાના રાજ્યમાં આવે છે. તે કાલ્યાવેડયાને ત્યાં જ રહેવા લાગે છે. જુવાન થાય છે ત્યાં સુધી તે ત્યાં જ રહે છે. પણ એ ન તો પોતાના રાજ્યનું નામ કહે છે કે ન તો એ પોતાના માતા-પિતાનું નામ કહે છે. જુવાન થયેલ ગીંબદેવને જોઈ કાલ્યોવેડયો અને

તેની પત્ની વાતો કરે છે કે ગીંબદેવ કેટલો સુંદર લાગે છે. આપણી પણ એકની એક છોકરી છે તેને આની સાથે પરણાવી દઈએ પણ ડોશો-ડોશી વિચારે છે. અને એની પહેલા એ કસોટી લેવાનું નક્કી કરે છે, તેને ખૂબ જ અઘરા કામોમાંથી નીકળવું પડે છે. અનેક મુશ્કેલ કામોમાંથી પાર પડી ગીંબદેવ કાલ્યાવેડયા અને ડોશીને ખુશ કરે છે. હવે આ ડોશા-ડોશી તેમની છોકરીને ગીંબદેવ સમક્ષ ક્યારેય લાવ્યા નથી, પરંતુ તેનું કામ જોઈ દીકરી મોલ્હોબાયને તેની સાથે પરણાવી દે છે. યાહામોગી અને રાજાપાંઠા જે કણી સ્વર્ગમાંથી લઈ આવેલા તે કણી કાલ્યાવેડયાને પણ આપેલી. એ જ કણી(ધાન) મોલ્હોબાયને વિદાય વખતે કાલ્યોવેડયો આપે છે. મોલ્હોબાય – ગીંબદેવ, ગીંબદેવના રાજ્ય તરફ ચાલવા લાગે છે. રસ્તામાં થાક લાગતાં બંને ઝાડ નીચે આરામ કરે છે. ત્યાંથી પસાર થતું દંપતિ કોટવાળિયા (એક સમુદાય) ગીંબદેવને બોલાવે છે. ગીંબદેવ મોલ્હોબાયને તેમના ઘરે લઈ જવાનું કહે છે. અને કહે છે કે, ‘હું આવીશ તમે મોલ્હોબાયને લઈ જાઓ.’ દંપતિ મોલ્હોબાયને પોતાના ઘરે લઈ જાય છે. સમય જતા મોલ્હોબાય કોટવાળિયાને ત્યાં જ રહે છે પણ ગીંબદેવ ક્યારેય આવતો જ નથી. આજે પણ મોલ્હોબાય અને સાથે લાવેલ કંણી (ધાન) કોટવાળિયાને ત્યાં જ રહે છે. મોલ્હોબાય ગીંબદેવની રાહ જોઈ-જોઈને થાકી જાય છે પણ ગીંબદેવ મળતો જ નથી. ગીંબદેવ દાબ રાજ્યમાં ક્યારેય પાછો જતો નથી. તેથી

ગીંબદેવ અને તેની બહેન પોઙલીપાંડોરની પૂજા આને પણ સાતપુડાની તળેટીમાં જ થાય છે, કથા અહીં પૂર્ણ થાય છે.

આખી કથામાં કણી-કનસરી ધરતી ઉપર કેવી રીતે આવી અને સમગ્ર જીવસૃષ્ટિમાં કણીનું કેટલું મહ્ત્વ છે એ કથામાં દર્શાવ્યુ છે. સાથે-સાથે આદિવાસીઓની પરંપરા, સંસ્કૃતિ અને જીવનદર્શન પથરાયેલું જોવા મળે છે. કથા બે ભાગમાં વહેંચાયેલી છે. પહેલા ભાગમાં દેવો-જીવો, પ્રકૃતિની વાત માંડીને કરી છે. જ્યારે બીજા ભાગમાં ગીંબદેવનો જન્મ, તેનું ઘરેથી ચાલી નીકળવું, તેનું જીવન, મોલ્હોબાય સાથે લગ્ન અને અંતે ગીંબદેવનું ક્યાંક જતું રહેવું. કથાશરૂઆતે ભગવાન દેવોના નામ અને કામ સોંપવાનું વિચારે છે. ત્યાં સુંદર નામકરણ અને કાર્યની વહેંચણી પ્રસંગ અદ્દભૂત છે. દરેકના નામનું, કામનું મહ્ત્વ રહેલું છે. અને સૌથી મહ્ત્વ તો એ કે દરેક દેવોને શું-શું ચઢાવવામાં આવશે અને તેમની પૂજા કરવામાં આવશે. અહીં હેતુ ઉદ્દેશ્યે જ આ બધી વાતો મૂકી છે. જ્યારે નામકરણ કરવામાં આવે છે ત્યારે નાંદોદ અને ભરોસા માટે ભરૂચ અને સુરતવાન બનાવવા માટે સુરત જેવા શહેરોનો ઉલ્લેખ થયેલ છે. નામકરણ કરતાં-કરતાં ભગવાન જે કહે છે એ કેટલું સુંદર છે કે,

‘તને કહેશે નાંદુરોદેવ, તને કહેશે લીલીયાલોળ, તને કહેશે આરદેવ, તને કહેશે દિવાળી, તને કહેશે દશેરો, તને કહેશે નવાયો, તને કહેશે હોળી, તને કહેશે આગીપાંડોર, તને કહેશે પોહ્લીપાંડોર, તને કહેશે કોલહિવાર્યો.’

એવી જ રીતે જીવજંતુઓમાં પણ ભગવાન ગઢદેવને કહે છે,

તને કહેશે અજગરદેવ, તને કહેશે નાગદેવ, તને કહેશે આરદેવ અને તમારે રહેવાનો બંગલો છે તેને ડૂંડયોરાફડો – મૂંડયોરાફડો કહ્વાશે.

આગળ ભગવાન કહે છે,

‘તને કહેશે ચાવોરકીડી. તને કહેશે હેંદળ. તને કહેશે ઈયળ. તને કહેશે તીડ. તને કહેશે કાંચીડો. તને કહેશે દેડકો. તને કહેશે માછલી. તને કહેશે કરચલું. તમે પણ જલદેવતીમાં રહેનારા માણસો ગણશો.’

અહીં દરેક દેવોનું મહ્ત્વ જોવા મળે છે. દેવ-દેવીઓના મહ્ત્વના કાર્યો અને દેવોની મહિમા રહેલી છે. આદિવાસીઓના જીવનમાં ઋતુ અને દેવોનો સંબંધ સિદ્ધ થયો છે. કથાકારની કહેવાની આગવી રીત દર્શ્યિત થાય છે. દેવો જ આદિવાસીઓના મૂળ તહેવારો છે. ચોમાસાને સમયે વાઘદેવની ઉજવણી ખૂબ જ સુંદર રીતે ઉજવાય છે. વાઘદેવને એટલે ઉજવવામાં આવે છે કે ચોમાસામાં આવતા કીડાઓ, મચ્છરો કે જે કોઈ અન્ય જીવાતો ખેતીને કે માણસને નુકસાન ન કરે અને વાઘદેવને આવી આપત્તિઓ લઈને જતો રહે. આથી પ્રકૃતિ, જીવોનું જોડાણ, સુંદર રીતે કથામાં જોવા મળે છે.

જીવજંતુઓ સાથેની અકલ્પનીય દુનિયા અદ્ભૂત વાતાવરણ ઊભું કરે છે. જીવોનું એકબીજા સાથે રહેવું, તેમના કર્મો, ઉજવણીની નોખી રીત જોવાય છે.

કથાના બીજા ભાગમાં ગીંબદેવ અને મોલ્હોબાયની વાત છે. ઉપરાંત ભીલોના સંબંધો, સંબંધોના સંઘર્ષો, સંઘર્ષોમાંથી ઉદ્ભવ થતો અંત રહેલો છે. અને ધાનનો મહિમા અંગ બનીને ચાલી આવે છે. દુષ્કાળમાં પણ માનવતાના ચિત્રો દૃષ્ટિત થયાં છે. જેમ કે ગીંબદેવ કાલ્યાવેડયાના રાજ્યમાં આવે છે. ત્યારે ગીંબદેવને આવકાર મળે છે. અહીં આદિવાસીઓની આવકાર આપવાની ભાવના રહેલી છે. આગળ વધતા કથામાં જે મોલ્હોબાય કોટવાળિયાને ત્યાં જ રહી જાય છે. એનું પણ મહત્વ છે. આદિવાસીઓના જીવનમાં એકમાત્ર ખેતી આધાર હોય ધાનનું આગવું મહત્વ જોવા મળે છે. આદિવાસી સમાજમાં સ્ત્રી-સ્વતંત્રતાની વાત પણ અહીં કથામાં લીધેલ છે. જ્યારે આંગીપાંડોર રિસાઈને પોતાના પિતાને ત્યાં ચાલી જાય છે ત્યારે તેને મનાવવા તેનો પતિ સ્વર્ગમાં જાય છે. પછી જ તે તેની સાથે આવે છે. અહીં એ જ જીવનદર્શન છતુ થાય છે જે આદિવાસીઓમાં આજે પણ ચાલી આવે છે. લોકો આજે રિસાયેલ પત્નીને મનાવવા જાય છે. ઉપરાંત હોરગીકોલી (સ્વર્ગ)ની પણ સુંદર વાત છે. જે ધાન સ્વર્ગમાંથી લાવવામાં આવ્યું છે. એ ધન પાછુ સ્વર્ગમાંથી લાવવામાં આવ્યું છે. એ ધન

પાછુ સ્વર્ગમાં લઈ જવાની પરંપરા અદ્દભૂત છે. જેનો કથામાં ઉલ્લેખ નથી પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ મરણ પામે ત્યારે કોટવાળિયા જ આ ધાનને સ્મશાને લઈ જાય છે. તેથી જ મોલ્હોબાય આજે પણ કોટવાળિયાના ઘરે જ રહે છે.

જેમ કથાની સુંદરતાને જોતા-જોતા ક્યારેક સુંદરતાની આજુબાજુ નાનકડા નરસા બિંદુઓ પણ કથાઓમાં જોવા મળે એવું ‘મોલ્હોબાય – ગીંબદેવ’ માં પણ છે. સંપાદકનું પહેલું પુસ્તક હોય ક્યાંક-ક્યાંક લખાણમાં ભૂલો જોવા મળે છે. જેવી કે યાહામોગી શબ્દનો ઉલ્લેખ આજ સુધી સમાજ કરતો આવ્યો છે. પરંતુ પુસ્તકમાં ઘણી જગ્યાએ ‘મોગીયાહા’ એવો શબ્દ વાપરવામાં આવ્યો છે જે એક પ્રશ્ન ઊભો કરે છે. આદિવાસી સમાજમાં કથા કહેનારને હવે શોધવા પડે છે. એવા સમયે કથા મળવી એ મોટી વાત છે. મૌખિક કથા કહેવાની પરંપરા જ માત્ર ચાલી આવી છે એવા સમયે રેકોર્ડિંગના સાધન લઈ, કથાકારની સમક્ષ બેસવું એટલે માર ખાવા, પથ્થર ઝિલવા, ગાળો સાંભળવા અને બેશરમ થવા સુધીની સફર પણ કરવી પડે ત્યારે એક સ્ત્રી પુરૂષને કથા કહે એ સંશોધક-સંપાદક માટે બહુ મોટી સફળતા કહેવાય. કેમ કે એ વિસ્તારની કહો કે આદિવાસીઓમાં પડેલી માનસિકતા કહો કોઈ કથા લખવા કે રેકોર્ડ કરવા દેતા નથી. હજુ પણ કયાંક ને કયાંક ખચકાટ અનુભવતા કથાકારો જીવંત છે. તો એવા વખતે કથામાં તૂટકતા

આવે એવું બને. કથામાં જુઓ તો બે ભાગ પડે છે. બધા દેવોની ઉત્પત્તિ, નામ, કામ સોંપવા અને પછી દુકાળ – માનવજીવન, દેવોને વેઠવી પડતી પરિસ્થિતિ વગેરે. તો કયાંક દેવોની પુરતી વિગતોનો અભાવ જોવા મળે છે. તો કયાંક માત્ર દેવોનો ઉલ્લેખ છે. પૂર્વજોનો ઈતિહાસ સમાજ સમક્ષ રજૂ કરે છે.

## *૪.૨. વસાવા લોકકથા – 'પોહલો પોયરો'*

એક ગાવ આથો હા.....હા તિયા ગાઁવુમે રોંડે બાઇ રેતલી પેલા રેખુજ ગોરીબ આથે તે બાઇ હાથુવાય દોલાવીન હાથી જીવી ખાહલી ડાઅ,કોદરા,એડડિ બાદો દોઅતલી આન બીહરો  કામ કીન જીવી ખાતલી બાદો ગાઁવ ખેતી કેતલો હિવારૂમ મોડો જંગુલ આથો તિયા જંગલુમ જાતી-જાતી ભાજ્યા મિલે. તિયુ ભાઅજીન તોડીને એ બાઇ ભાજ્યા રાંદતલી હા...હા..તિયુ એકુજ પોયરો તિયાલ જાતી જાતી ફોલવે હોદીન ખાવાવતલી તિયા પોયરા બાહકો મોઇ ગેહલો હાતી તે બિચારે યાહકી આઅરી એખલે પોડી ગેહલે પોયરાલ પોહતા જ યાહકીલ વી જાતલોઅ.

ધમધોકરી રાજા ગાઁવ આથો . ગાઁવ ખુબ મોડો નાય પેન ગાઁવુમે ફોલ્યા પોઅડયલા આથ્યા.ખાડી તોડીપે પોહલા  પોયરા કોઅ અથો.ઇયુ ફોલીમે ગોરીબ લોકુ જ રેતલા હા...હા... ગાઁવુમે કાયબી રે જેહંડો કા વોરાડે નેતા કાયબી તા ઇયુ ફોલીમેને બાદે વોરાડુમે માલદારુ ફોલીમે બાસને

ચોલાન એહંડો બાદો કામ કેરા જાતલે તિયાં આરી ઇંયા પોહ્લા પોયરા ચાહ્કી બી જાતલી હ્રા...કામ પોતાવીંત ઈં બાદે કો ફ્રાચે વોલે આન આરી માંડો લેતે આવે. માંડો ખાતાં-ખાતાં પોહ્રાલાલ વિચાર આવેહે કા માંય બી ઇંયા આરી જાહે....'

જાઅરાક ટેમુકી ધમધોકરી રાજા પોયરી વોરાડ દેવધણુ રાજા પોયરા આરી કેરા ગોઠ કાડતેહે તિયાર વી જાતેહે. ગાઁવ-ગાઁવ વોરાડુમ આવા આખીન આખાતે ફિરતેહે.પોહ્લો ઉંનાતા જ ચાહ્કીલ આખેહે,ચા ઇંચુ વોખુત માંયબી આવેહે ચાહ્કી નાહ્ આખી દેહે તિયા ચાહ્કી નાહ્ આખી દેતા આઅખે કા તિંહ્રી ગોરીબ માંહે નાહ્ જાતે તો તિહ્રી કાય કામ બેટા.એહ્કી બી રીકામા માંહ્લે ના હ્રાના પોયરાન કેડો કાહ્રી લી નાહ્ જાતે.આન આપુપેતા હ્રારે પોતડે બી નાહ્ આખીન ટલી દેહે તિયા ચાહ્કી.

વોતાડુ દીહ્ બાદે તોચાર વિને જાતે હ્રા..હ્રા.. પોહ્લો ગાયદેહે કા કેહ્ડે હ્રાય આપુ કામુવાલા આરી ચાહ્કીલ જાતા હીને પોહ્લો બી ગાઁવુ ખાડી તોડીહ્રી વોડુ ચાડવા થુલે જાયને બોહ્હે ઇયા ચાડવાપે ચાડુપેર્યો રેહે એહ્કી ગાવમેર્યે માહે આખતલે તિયા મોનુમ એહ્કી કા ચાડવાહ્રી જાયને ચાડુપેર્યા પને હ્રારે પોતડે આન હ્રારો સામાન માગી માયબી વોરાડુમ જાઉ

બેહ્ડા ચાડવાલ હીની ચાડુપેર્યો આખેહે કા ઓ આજલાહ્રા ....માંય ગોરીબ હ્રાય ....માંય...વોરાડુમ જા હ્રાય એહ્ડોં કાંવી કીઅ દેઅ માંય રાજા

જ બોણી જાઉં.....'ઉનાજાહ્રા...હ્રા.... પોહ્‌લો જ જાદુવાલો હ્રાય એહ્‌કી ચાડુપેર્યાલ ખોબુર આથી પોહ્‌લાલ ઉનાય્ને ચાડુપેર્યો તિયા હ્રામ્મે જ આવી જાહે તોંઅ આખેહે...આરે...પોહ્‌લા તું માસે બી વાદારે જાહ્રોરા તું માંહી કાહ્રાલ આલોહ તિયા ગોઠ ઉનાયને પોહ્‌લાલ નોવાઇ લાગેહે પોહ્‌લો આખેહે કા માંય જાંઅતો તા તોહી કાહ્રાલ આવતો માન હીકવી દે.

ચાદુપેર્યો આખેહે હ્રા....હ્રા...ઉનાજા આમી આરે....પોહ્લા તુલ કેહેકી આખુ તુ બાદો જાહ્રો આંય આખુ તેહ્‌લી આખ ઓખુત વોલે બોખુત વોલે પોહ્લા પોયરા જોહ વોલે માઅ ડીલુમ રાજા હ્રોચ પોતડે આવે ના આરી-આરી સામાન આવે..પોહ્‌લો એહ્‌કી જ આખેહે ના આખતાં જ બાદો વી જાહે પોહ્‌લો તા ખુબ ખુશ વી ગિયોહ આન તિયાલ હેર્યા જ કેહે પોહ્‌લાલ તો ચાડુપેર્યો આખેહે કા તુલ જોંબી જોજે તો ઓ મંત્ર આખીન માગજે મીલી જાય

પોહ્‌લો હ્રોવ આખીન ચાલતો વેતાં જ ચાડુપેર્યો આખેહે આમી આવો તો હ્રોરોન ચેવડો લીઅ આવજે 'હ્રોવ'આખી પોહ્‌લો તિહીને ચાલુ પોડેહે આજ બી માંહે ચાડુપેર્યાહી જાતેહે તા હ્રોરોન-ચેવડો લી જ જાતેહે ના પૂજ્યા કેઅતેહે.

ચાડુપેર્યાલ આથ જોડી પોહ્‌લો ચાલા લાગ્યો.ચાલતાં-ચાલતાં વિચાર આલો કા માંય બી ઇયા મંત્રાલ આખુ આન આખેહે હ્રા....હ્રા...'ઓખુત વોલે

બોખુત વોલે પોહ્ના પોયરા જોઇ વોલે મા યાઇકી જીહી વી તીંહીં માંય પોચી જાંવ'આખાતાં જ પોયરો તિયા યાઇકી હી પોચી જાહે બાદે હીન તિયાલ આથ જોડતેહે રાજા પુરો રાજાજ લાગેહે તો કેડાલ ઓખાતો જ નાઇ. સિપાડે દોવડી આવતેહે આઠ વોરસાં પોહ્લો બારા-તેરા વોરસાં દેખાહે તિયા રૂવાબ હીન બાદે ચોમકુંતેહે.

ઉનાજા હા....હા..મોણી ટાકલી પાઘડી મે તિયા ચેહરો ચોમકે મૂસ્યા વોગર્યો હાનો પોહ્લો મુસીમે જુવાન દેખાહે .કેઅડો ઓખુંતો જ નાઇ પેન યાઇકી હેતાં જ તિયાલે ઓખી કાડેહે ના આખેહે કા એગાતા પોતડે નાઇ ચોય લાલોક્ને કાય આજી આખે યાઇકી તિયા પેલ્લા જ તો યાઇકીલ આખેહે કા 'માન કાય જ મા આખતી'આખી તો સિપાઇ આરી રાજદોઅરબારૂમ જાહે.દોરબારૂમ નોસ્તે રાજા બોઠલે આથે.તિયાલ રાજા જ હાય એહકી પારખી બોહા ખાતુર આસન દેતેહે તો બોહેઇ હા...હા...

ગાઁવુ બારે જાન આવી લાગીહી બાદે હેરા જાતેઇ દેવઘણ રાજા બાદા સ્વાગત કેહે તોતામુંજ એક સિપાઇ દોવડુતો- દોવડુતો રાજદરબારુમને આવેહે આન રાજાલ આખેહે ક

જાનુબાઇ તાલાવુમ ઉંગા ગેહ્લી બારે જ નાઇ નિંગતી દેખાતી'

બાઅદે જ નિસ્તે વિચારતેહે ઇ કાય વીયો.

રાજા નિસ્તો ઉતઅવાલીમ તાલાવુડુ પોઅચી જાહે.નિસ્તો બોંબલી-બોંબલીન પોયરીલ હાતકેહે પેન પોયરી બારે નાહ આવતી જિયાલ તોરતા આવડેહે તિયાલ હાઅદીન રાજા પોયરીલ હોદાવેહે પેન ...,પોયરી મીલતી નાહ એ ..બાદે જ રોડતેહે

રાજા ઠાહકોજ નારાજ વિન દરબારુમ આવેહે.બાદે ફાઅચે દોરબારુમ આવીન બોહએ તેહે તાંહા રાજા આખેહે કા,'આમી કાય કેજી તો માન હુજતો નાહા પેનમા પોયરીલ જોં હોદી લાવી દી તિયાલ મારાજુ દોહ ગાઁવે જાગીર આના હોનામોહર આન કામુવાલે દેહે.'

બાઅદે ઠાંકેજ આથે એકબીજાલ હેથે કેડો એઠા ફૂણ કીન બોઠલો તાહા કેડો વિચારતલો પોહલો રાજાવેલે હેહે પેન ઓઅખુતો નાહા તો બાદાન જોંહે પેન ઇયાલ નાહ.

'ઓ .રાજા માંય તો પોયરીલ હોદી લાવેહે પેન માન પોંદરા દીહ દે.'

પોહલા ગોઠ થોવતાં રાજા માન્યો કામ પોતી હાથી રાજા ઇનામ દાંઅ આહી પેન કામ પોત્તા જ મીલી જાઅય એહકી વાયદો કેહે હા.....?હા બાઅદે ખાઇને જાતે રીયે

રાજાન પોહલો જાનીવાલા હી પોચીન બાદી ગોઠે આખતાહા બાદાન પોંદરા દીહી રોકાયા આખી દેદો.ચાહકીમ મીલીન પોહલો રાજાઆ પોયરીલ મીલીન પોહલો રાજાઆ પોયરીલ હોદા ચાકુ પોડયો એઅઠા પોચતા ખૂબ

વિઘ્ને આવી એહ્કીં પોહ્લો જાહેં એખલા જ જાવુલી હ્રાય તોં તિયાલ લ્હોબુર હ્રાય.

'હ્રોકુત વોલે બિકુત વોલે

પોહ્લા પોયરા જેહ્ વોલે

માન પાતાલુમ જાવુલા હ્રાય....

વાટ દેખાવા જોજે'

એહ્કી આખતાં જ તીયાલ નીઅસત્યા ખાડયા દેખાત્યાહ્રા તિયુ ખાડીમ ઊંડો દવ દેખાહે પાતાલુ વાટે બાઅદે જાનવર થોવલે આથે હ્રા...હ્રા..કાતુરુવાલે કુઅલે બી આહી બીખ લાગેઅ એહ્ડોં

પાતાલુમ વિહ્તાંજ નિસ્તે જોનાવારે દેટકે ડ્રોંઉ.... ડ્રોંઉ કેઅતલે પોહ્લાલ હીન બાદે બોબલાં ચાલુ આથે તે બાંદે બી ગેહ્લે પોહ્લો ઉબલો આથો તિહીંજ નિસ્તે જનાવારે દેટકાહ્ન તી-તીન ખાતલે દેટકે સોટકાં બોબલુતલે એક દેટકીલ પોહ્લો બાચાવેહે હ્રાથી તે દેટકી પોહ્લાલ આખેહે કા હ્રારો વેયો માન બચાવી આખ તુલ કાય જોજે?'

'તુ માં ગોઠ માનોહો?

'આખ દેટકી આખેહે

'તુલ માલુમ વેરીતા માન પાતાલુમ જાવુલાં વાટ દેખાવે'

હ્રાતી કાય વેહે ઉનાજા હ્રા...હ્રા

'ઇં તા તિયુહું માન ખારાબ કામ હોપી દેદો પેન તિયુહુ માજીવ બાચાવ્યો માંય કેહે

પાતાલલોકુમ સાતી બોયુંને હમાચાર આપા એક કુઅલો રોઅદીહ વારીવેલે જાહે તિયા કેડો રોકતો નાહ ....તો જ તુલ પોચવી પોહલો કુઅલા આરી જાહે કુઅલાલ પોહલા શોક્તિ અંદાજો નાય આથો ગીથો બોંદ કીહુ તા વાટ બોંદ વી જાય એહકી કુઅલાલ લાગતોલો પેન એહકી નાહ આખી શોક્તિ લાગવીન ગાણો ચાલુ જ રાખ્યો પોહલો કુઅલાપુજ બોહીન તો બી ગીથો આખેહે રોડ બોનતો જ ગીયો હા...હા..

ઇયુવેલે કાતુરકાટ માસો ફાચે તિયા કાતુર લાવા ચાલુ કીદેહે કાતુર જેહકી આથી તેહકી વેતી જાહે એકઠાય જાહે આથી તેહકી વી જાતાં જ તે ફાઅચી ઊડી જાહે નિસ્તી આઅજી જોરમે ઊડેહે આન ઊડીન સીદી જ કુઅલા ખોખામ વીહી જાહે પોહલો ધબ્બ દીન એઅઠા પોડેહે બૂરીઓ કુઅલો પાતાલાલુ લોકુમને સીદો જ તોરતી પેટુપ પોડેહે તો મૂળરૂપુમ ને આથો તિયાસે હાનો વીજાહે તો હારાપ દેદલો તિહમેને નિંગીન તોરતી પેટુપેર્યો જ વી જાહે સૂટી જાહે.તેહે તો પાયુંમ બી રેહે આન જમીનુપ બી ચારો ખાહે

પોયરાહાં ઉનાજા આખાયો કા દેવુલોકુમે જાહા બાદા દેવુ વેલેને કામ હોપતલે તાહા કુઅલા જ તિયા જ લેદલો કામે કા લક્ષ્મીખંડ આંબાલી તો બાંગા બાંગા લક્ષ્મીખંડ આંબાલતલો હા..હા. તિયા એ મોડામા મોડી

જાવાબદારી આથી તિયાલ ઓનાજુ રખેવાડી કેરા હોપલી તિયાલ બાજુમુજ તિયાલ રેવુલો ઓવાલો દેદલો તિય પોયરા-ચાવરા આરી રેતલો તિયાલ બાદે ઇજ્જુત દેહલે આન તિયાલ બી ઇયુ ગોઠી નિસ્તે અભિમાન આવી ગેહલો.

લક્ષ્મીખંડુલ સામાલતલો કુઅલિ રોદ્દીહ કુકડો ચોરા બી આવતલો રોદ્દીહ તિયા ચોરુલો તિહી જ તિયા જમાનામે બાઅદો વેહવાર અનાજુજ વેતલો એગો કામ કી દેતા તિયા બદલામે અનાજુજ દેતલે જિયાય વાદારે ધાન્ય રે તો જ માલદાર આખાતો જોનાવોરુને આન જમીનુલ લક્ષ્મી માનતલે તેહકી ઓનાજુલે લક્ષ્મી માનતલે દેવું ઇંયા વોખારુમને જ ગરીબુન ધાન્ય કાડી દેતલે આન ઇયા બાદી જાવાબદારી કુઅલાલ હોપલી મૂલકુમ કાહીબી ઓનાજ પારવાય જાતલો તા દેવ ઇયા ખંડુમને જ અનાજ કાડી દેતલે એગા વિસ્તારુમે બિયારો પોતી જાય તા ઇયા વોખારુમને ઓનાજ મિલી જાતલો કુઅલા દોહ આકડયા હાથી ઓ કુઅલો ઇયુ આકડીકીએ શિકાર કેહે આન ઇયુ આકડીકી દોર બી બોણાવે હે તિયાલ એક દીહ વિચાર આવેહ કા ચાલા માયબી એક વોખાર બોણાવું આંયબી ઇયા વોખારુમને ઓનાજ મા વોખારુમ પોચવુ.તો રોદીહ દોરો બોણાવુલો ચાલુ રાખેહે એકદી કુકડો ચોરા આવેહ ના હોદી કાડેહે આન તો કુકડો દેવુન જાયને આખી દેહે કુઅલાલ દેવે આખે કા રોદ્દીહ ધાન્યો કોમી વેઅતો જાહે તાહ કુઅલો કુકડા

માથે પાડેહે દેવ બેનીનાબી સાજા દેહે આખેહે કા તુમુહ બેની આજને તોરતી પેટુ રિહા ના વેઠાહ આન તુમુહ તિહીજ કામ કીન જીવાહા જિદીહ પોહ્લો પોયરો રાણીલ લા આવી તિદીંહ તુમનેન હારાપ પૂરો વેરા તાહાજ તુમુહ ઇયુ તોરતેએૈ જીવાહા તેહેવીન આજ કુઅલો જીવેહ રિથી ગોઠ કાતુરકોટ માસા.

કુઅલા જીવ સૂટયો હાથી એખલો પોડલો પોયરો પોતા બોલુપે ઇયા માસા આરી ચૂલાહે.

ઓકુલ વોલે બોખુલ વોલે

પોહ્લા પોયરા જોહ વોલે....

કાતુરકાટ માસા મુનકો....

કાતુર તિયા જ મુનકો વાડે.

ધણ્ણણ....કેઅતી કાતુર માસા મુઅંકો વાડી દેહે આન માસો દોબી જાહે

કાતુરકાટુ માસા વેહ સોડીન માસો ઇયુ તોરતી પેટુપે આવી જાહે તેબી કુકડારુપુમે તેહે કુકડ મુનકાપે કાતુરજે હાય દેવ-દેવીન ઓ કૂકડો જ બોલી ચોઢેહે.

ઇંયુવેલે સાંતી આંસરાઇ પોહ્લાલ વાટ જોવતલી પાતાલલોકુમે રાજા પોહ્લા કારનામુ કી હારેપુરે ખુશવેલે પેને રાજાહીને જ બાદી વસ્તુ ઇંહી સાંતી આંસરાઇન મિલતલી તે બંદ વી ગેહ્લી ધોમધોકરી રાજાહા

બાદો જ બોંદ કી દેદલો ખાસ કીન સાંતી આંસરાઇને લાગતી બાંગડી-ટીકાડી એહ્ડોં તિયાલ સાંતી આંસરાઇ રાજા પોયરીલ ઇંયુ ખેંચી લેદલી આન પોહ્લો પોયરો આવી આન ફાચે બાદો મિલી એહ્કી એ જાંઅતલ્યા તિયાલ પોહ્લા તે વાટ જોવતલ્યા.

પોહ્લાલ આવતા હીન બાંદેજ તિયાલ હ્રદાં આન આખી ગોઠ પોહ્લો સાંત આંસરાઇ આખી દેખાવેહ્ આન રાજા પોયરીલ લી જાહે આન પોહ્લો આખેહ્ કા

'ઓકુલ વોલે બોખુલ વોલે

પોહ્લા પોયરા જોહ્ વોલે....

માંય ઇહ્રીને રાજા

દોરબારૂમ પોંચી જાવ '

પોહ્લો દોરબારુમે પોંચીન રાજાલે આખેહ્ કા સાંતી   આંસરાઇ બાદો દીહ્રો તાહ્રા પોયરીલ દી.રાજા માની જાહે આન સાંતી આંસરાઇને બાંગડી-ટીકાડી,દોરો આખી હ્રોપારી કુંકુ,આગુરબોતી,લોબાન હ્રાકવો,પાન એહ્ંડો બાદો તિયુહ્ને દેદો તે ખુબે ખુશ વેયા નિસત્યા ખુશીમે રાજા પોયરીલ મોકલુત્યાહ્રા.

પોયરીલ હીન રાજા આન પોરજા બાદે ખુશ આથે.આન રાજા એલાન કેલો કા જિહીને પાંચ નિંગલો વેરી તિહી સાંતી  આંસરાઇન ઇ બાદી વોસ્તુ દેવો પોહ્લા  કામુકી    બાદે રાજી વેલે.

પોહ્લો ભુતબાબજીહીં જાહે તિયા આખી જિંદગી સેવા કેરા વાયદો કેહે આન ખાદે-પીદે સુખી વેહે ઇંહી આપુ ગાંચ પુરી વીચી કેહ્ડી લાગી તુમનેન.?

'પોહ્લો પોયરો' (નમાલો છોકરો)

એક ગામ હતું તે ગામમાં એક વિધવા બહેન રહેતા હતા. તેઓ પેહ્લેથી જ ગરીબ હતા.વિધવા બહેન હાથ ઘંટીથી દળવાનું કામ કરતાં મજૂરી પેટે એમને લોટ મળતો. દાળ,કોદરા,બંટી વગેરે દળીને અને બીજી જે કઈ મજૂરી મળતી એમાં ગુજરાન ચલાવતી.આખું ગામ ખેતી કરતું હતું. વિસ્તારમાં ગાઢ જંગલો હતા. જંગલમાં જાત-જાતની ભાજીઓ થતી. વિધવા બાઈએ તોડીને શાક બનાવતા. એકના એક દીકરા માટે જંગલમાંથી જાત-જાતના તાજા ફળો લાવીને ખવડાવતી. પિતાની છત્રછાયા ઉઠી જતાં એ નિ:સહાય થઈ ગયો હતો. દીકરાના ભરણ-પોષણમાં જ એની માતાનો સમય પસાર થઈ રહ્યો હતો.

ધમધોકરી રાજાનું આ ગામ હતું. ગામ બહુ મોટું નહિ પરંતુ ગામ ફળિયામાં વહેચાયેલું હતું. પોહ્લા પોયરાનું ફળિયું નદી કિનારે

હતું. આ ફળિયા માં મોટે ભાગે ગરીબ લોકો જ રેહતા હતા. ગામમાં કુણબી લોકોને ત્યાં લગ્ન પ્રસંગ વગેરે રેહતા હતા એ પ્રસંગોમાં આ ફળિયાના લોકોને વાસણો માંજવા તથા સાફ સફાઇના કામમાં જતાં એ ભેગી પોહ્લા પોયરાનીમાં પણ જતી. લગ્ન પ્રસંગ પત્યા પછી કામ-કાજ પતાવી ફળિયાના લોકો આવતા. સાથે ભોજન પણ લાવતા. એ સારું ભોજન આરોગતાં-આરોગતા પોહ્લો પોયરો વિચાર કરતો... આ લોકો સાથે લગ્નમાં મારે પણ જવું જોઈએ.

થોડા સમય પછી ધમધોકરી રાજાનાં દીકરીનું લગ્ન દેવધણ રાજાના પુત્ર સાથે ગોઠવાયાં. આખા ગામમાં દાંડી પિટવામાં આવી, ગામ આખાંના લોકોને લગ્નમાં હાજર રેહવા માટે સૂચના આપવામાં આવી.પોહ્લા પોયરાએ દાંડી સાંભળીને બા પાસે આવીને કહેવા લાગ્યો, બા આ વખતે રાજાની દીકરીના લગ્નમાં મને પણ લઈ જજો. બા એ ચોખ્ખી ના પડી દીધી. મને કેમ નથી  લઈ જવાના એનું કારણ જાણવા પોહ્લ પોયરાએ જીદ પકડી. બાએ કારણ બતાવતા કહ્યું કે ત્યા મોટા-મોટા માલદાર લોકો આવે છે. આપણા જેવા ગરીબ લોકોને ત્યાં અંદર જવા દેતા નથી અમે તો ફક્ત વાસણ માંજવા જઈએ છીએ. અમે તો ત્યા વાસણ માંજીશું,તું ત્યા શું કરીશ? આમ પણ નવરા માણસને અને નાના બાળકોને કોઈ સાથે લઈ

જતું નથી.વળી,આપણી પાસે સારા કપડાં પણ નથી. એમ એની માં એ જણાવ્યું.

લગ્નમાં દિવસે બધાં સજી-ધજીને તૈયાર થઈ ગામના બધાં જ લોકો લગ્નમાં જવા તૈયારી કરવા લાગ્યા.પોહ્લો પોયરો ફાટેલી-તૂટેલી હાલતને ધિકકારવા લાગ્યો. કામવાળા સાથે બાને રવાનાં કરીને નદી કિનારાના બહેડાના ઝાડ પાસે પહોંચ્યો. બહેડાના ઝાડ પર ચમત્કારી ભૂત રહે છે એવી વાત ગામ લોકો કરતાં. એને મન એમ થતું કે ઝાડ પાસે જઈને ભૂતદાદાને કહી સારા કપડાં તથા કીમતી ઘરેણાં વગેરે માંગી પહેરીને હું પણ લગ્નમાં જાઉ.

બહેડાના ઝાડ નીચે ઊભા થઈને એણે ભૂતદાદાને વિનંતી કરી.અરે ભૂત બાબજી.... હું ગરીબ માણસ ...... મને લગ્નમાં જવું છે .... એવો ચમત્કાર કરો કે હું રાજકુંવર જેવો થઈ જાઉ....! એ પોહ્લો પોયરોજ બધી રીતે ચમત્કારી હતો એ ભૂતને ખબર હતી. એની પ્રાથના સાંભળીને ભૂતદાદા ઝાડ પરથી આબેહૂબ સમક્ષ થયા. એણે કહ્યું ...... 'અરે, પોહ્લાદેવ તું મારાથી પણ વધારે ચમત્કારી છે પણ મારી પાસે કેમ આવ્યો? ભૂતની આ વાત સાંભળીને પોહ્લો આમ-તેમ જોવા લાગ્યો. હું પોતેજ સમક્ષ છું. આ વાત સાંભળીને નવાઈ લાગી. એ ગુંચવાયો પોતાના પર એને વિશ્વાસ ન હતો. એણે ફરી ભૂતને વિનંતી કરી. દાદા હું જો સમક્ષ

હોત તો તમારી પાસે કેમ આવતો? મહેરબાની કરીને મારી માંગણી સ્વીકારો.

ભૂતે કહ્યું, 'અરે ...... પોહલા ...... તને કઈ રીતે સમજાવું કે તું બધી રીતે ચમત્કારી અને સક્ષમ છે. હું કહ્યું એમ બોલ, એમ કહી આગળ ચલાવ્યું 'હોફ્રત વોલે બોખુત વોલે પોહલા પોયરા જોહ વોલે માંઅ ડીલૂમ રાજા હોય પોતડે આવે આન સામાન આવે'....પોહલાએ પણ આવીજ રીતે બોલવાનું શરૂ કર્યું એ ઘડીએ જ એ કપડાં તથા સામાનથી સજ્જ થઈ ગયો.

એ તો એ પોતાને પગથી માથા સુધી નજર ફરે ત્યા સુધી ભરી-ભરીને (તાકી-તાકીને) જોવા લાગ્યો. ભૂતે કહ્યું

'આજે મંત્ર મે તને આપ્યો એ ત્યારે જ્યારે જરૂર પડે ત્યારે વાપરજે તું જે ઇચ્છીશ એ હાજર થઈ જશે.'

પોહલો પોયરો ભૂતનો આભાર માની ચાલતો થવાનો જ હતો કે ભૂતે કહ્યું,

'મને ખુશ કરવા માટે બીજીવાર આવે ત્યારે મારા માટે દારૂ અને ચેવડો લેતો આવજે'. 'જરૂર લાવીશ' કહી ચાલતો થયો. આજે પણ ભૂતને મનાવવા ગામમાં લોકો દારૂ અને ચેવડો લઈ જઈ ભૂતની પૂજા કરે છે.

ભૂતને પ્રણામ કરીને ચાલતો થયો. ચાલતા-ચાલતા વિચાર આવ્યો.'ચાલને મંત્રનો પ્રયોગ કરું. 'હોફ્રત વોલે બોખુત વોલે પોહલ પોયરા

જોફ વોલે' માફ ચાફકી બાસને ચોલતી વેરી તિહિ જ પોચી જાવ.. એ એની માં પાસે પહોંચી ગયો.

રસોઈ વિભાગના બધાં જ આ પોફલા પોયરાને રાજકુંવર સમજી નમન કરવા લાગ્યા. સિપાઈઓ દોડતા થઈ ગયા.બધા સિપાઈઓ નમન કરી એની ઈચ્છાઓ પૂછવા લાગ્યા. બહેનો વાસણ માંજતીતી એમની સામે જઈને ઊભો રહ્યો.માને ટગર-ટગર જોવા લાગ્યો. આઠ વર્ષનો પોફલો તેર વર્ષનો દેખાવા લાગ્યો એનો રૂઆબ જોઈ બધાની આંખે વડગે એવો થઈ ગયો.

મણિ જડેલી પાઘડીમાં એનો ચેહરો ચાંદની જેમ ચમકવા લાગ્યો હતો. વગર મુંછે મુંછ આવતા જુવાન જોદ થઈ ગયો હતો. બધા એને પારખી ના શક્યા. માં આખરે માં હોય છે એને પારખી ગઈ. કોઈક ના કપડાં ચોરી તો નહિ આવ્યો. એ કઈક બોલે એ પહેલા જ એણે કહી દીધું.'તમે કશું જ બોલતા નહિ હું રાજદરબારમાં જાઉ છું.' કહી ચાલતો થયો. આગળ-પાછળ સિપાઈઓની સાથે રાજદરબારમાં પહોંચી ગયો. દરબારમાં ઘણા-બધાં રાજા આવ્યા હતા. એઓ પારખી ગયા કે કોઈ રાજકુમાર છે. એ સહુમાં ચઢિયાતો લાગતો હતો. એને આસન આપ્યું. આસન પર રાજાની જેમ બિરાજમાન થયો.

ગામની પાદર પર જાન આવી પહોંચી હતી. બધાં જ સ્વાગતમાં લાગ્યા હતા. રાજા દેવધણ રાજાઓનું સ્વાગત કરી રહ્યા હતા. બધાનું સ્વાગત કર્યા પછી એ પોતે પણ જાનની સ્વાગત માટે રવાના થવાના હતા કે રાજદરબારમાં એક સિપાહી દોડતા-દોડતા આવ્યા. બધા સ્તબ્ધ થઈ ગયા. બધાની નજરમાં આશ્ચર્ય અને સિપાહીનો ચેહરો ભય-ભીત હતો. રાજા કુતૂહલ પામ્યા. કઈક માઠું થયાનો અણસાર થઈ ગયો હતો.

કુતૂહલતાથી રાજાએ સિપાહીને પૂછ્યું,

'બોલ શું થયું?'

'જાનું બા તળાવમાં નાહ્વા પડ્યા,બહાર જ નથી આવતા' સિપાહી બોલ્યો.

રાજા હાંફડા-ફાંફડા થઈ મહેલમાં રાણીઓને નાહ્વા માટે તળાવ બનાવ્યું હતું ત્યા પહોંચી ગયા. બૂમો પાડી-પાડીને છોકરીને બહાર આવવાની આજીજી કરવા લાગ્યા.પણ સામેથી કોઈ પ્રત્યુતર ન આવ્યો. રાજદરબારના બધાં તરવૈયાઓને બોલાવી ખૂણે-ખાંચરે બધે જ તપાસ થઈ. ક્યાંય પત્તો ન લાગ્યો. ડૂબી મરે તો લાશ મળે પણ લાશ પણ ના મળી. તળાવમાં મગરો પણ નહોતા.પછી લાશ કેમ ગાયબ થઈ ગઈ. સૌ મૂંઝવણમાં હતા બધે રડા-રડ હતી. રાણી દાસીઓ, પ્રજાજનો સૌ રડતાં હતા.

રાજા ચૂપચાપ ઊદાસ ચેહરે રાજદરબારમાં પહોંચ્યા. લગ્નમાં આવેલ બધાં રાજવીઓ તથા અગ્રણીઓ બરબારમાં પહોંચી પોત-પોતાનું સ્થાન લઈ બિરાજમાન થયા. થોડુંક વિચાર્યા પછી રાજદરબારમાં લગ્ન પ્રસંગે હાજર મહેમાનોને સંબોધતા બોલ્યા,

'હાલ શું કરવું સૂઝતું નથી પરંતુ આપ પધારેલ મહેમનોમાંથી કોઈક મને રસ્તો બતાવે કે મારી દીકરી ક્યાં ગાયબ થઈ તેને હું મારા રાજના દસ ગામની જાગીર તથા સોના મોહરો અને સેવકો,દાસીઓ આપીશ.'

બધા દરબારીઓ એકબીજાને જોવા લાગ્યા. આ કોઠાસૂઝને સમજવી મુશ્કેલ હતી. બધા નતમસ્તકે હતા. પેલો છોકરો રાજાને તાકીને જોઈ રહ્યો. રાજા એની મુરદને પારખી ગયા. એ કઈક  કહેવા માંગે છે તે સમજી ગયા. આમ તો આ દરબારમાં એ  અજાણ્યા હતા.પધારેલા બધાં રાજવીઓ તથા રાજકુમારો તથા અગ્રણીઓ પરિચિત હતા. થોડા સમયમાં રાજા ચૂપ રહ્યા. કોઈ કાઈક બોલી એની રાહ જોવાતી હતી.

રાજાની જાહેરાતને ધ્યાને લઈ ગરીબાઈથી પીડાતા પોહલા પોયરાને થયું કે મારા માટે સુખી થવાનો એક સારો અવસર છે. માટે મારે પ્રયત્નો કરવા જોઈએ.સાથે મોકો પણ છે.

'હેફ્રૃત વોલે બોખુત વોલે પોહ્લા પોયરા જોહ વોલે રાજા પોયરી કાહી વેરી તે માન માલૂમ પોડે' પોહ્લા પોયરાએ મનોમન મંત્ર કીધો. રટણ કરતા જ રાજકુંવરી દેખાવા  લાગી.

પાતાળમાં એ દેવરાજ પાતાળનાં રાજમા દાસીઓની વચ્ચો-વચ્ચ રાજમહેલના એક ઓરડામાં બેઠેલી દેખાઈ. એ પોતાના રાજમાં પાછી જવા માટે આજીજી કરી રહી હતી. દેવધણ રાજાના મહેલમાં સહુ સ્તબ્ધ હતા.બધાની વચ્ચેથી આસનથી ઊભા થઈ પોયરાએ બધાને નમસ્તે કરી વિવેક બતાવ્યો.આ મૂછિયાને ઊભો થતાં જોઈ સૌ વિચારમાં પડી સ્તબ્ધ થયા. સૌના ચેહરા પર આશ્ચર્ય ઊભરાતું હતું. એઓ આ મુંછિયો કાઈ બોલે એની રાહમાં હતા.

'હે રાજન હું તમારી રાજકુંવરીને શોધી લાવીશ પરંતુ મને પંદર દિવસનો સમય આપો'

પોહ્લા પોયરાએ વાત મૂકી. એની વાતને રાજાએ કબૂલી લીધી. કામ પત્યા પછી રાજાએ જે ઈનામ આપવાનું છે. તરત જ મળી જશે એવો વાયદો કર્યો.દરબારમાંથી બધાને જમણવારો કરવા ભલામણ કરવામાં આવી બધાં જમણવાર કરી પોત-પોતાના દેશ રવાના થયાં.

રાજા તથા પોહ્લો પોયરો બંને વરપક્ષના પડાવને ત્યાં પહોંચ્યા, બનેલી બધી ઘટના વિશે વાત કરી. એઓને પંદર દિવસ રોકવાનું ફરમાન

કર્યું. રાજાની વાત સ્વીકારી સહું ત્યાં જ રોકાયા. રસોઈ વિભાગમાં પોતાની માને મળીને છોકરો રાજકુંવરીની શોધમાં નીકળી પડયો. પોતાની જોહ્થી એ ક્યાં છે એણે જોઈ લીધું હતું. પાતાળ લોક સુધી પહોંચવાં માટે એણે ખૂબ જ કપરાં ચઢાણ ચઢવાનાં હતા.રસ્તામાં અનેક પરાક્રમી તથા શક્તિશાળી રાજાઓના રાજથી  પસાર થવાનું હતું. એકલે હાથે એણે પાર પાડવાનું હતું.

'હોફ્રત વોલે બોખુત વોલે પોહ્લા પોયરા જોહ્ વોલે,

માન પાતાલુમ જાવુંલા હાય.. .. .. .. વાટ દેખાવા જોજે'

આટલું કહેતાની સાથે એને અનેક નદી દેખાઈ. એ નદીમાં એક ઊંડો દવ હતો એ દવમાં ઘણા બધાં માછલાઓ,માછલીઓ,મગર અને અજગરો તથા હિંસક પ્રાણીઓ દેખાવા લાગ્યા. પાતાળ લોકમાં જવાના રસ્તા પર બધાં પ્રાણીઓનો પેહ્રો ગોઠવાયેલો હતો. પંદર-વીસ ફૂટ લાંબા અજગરો એક સામટી સેકડો લોકોને ગળી જાય એવા માછલીઓ,ચાલીસ-પચાસ મણના કાચબાઓ,વીસ-વીસ મણના કરચલાઓ કે જેના અંગૂઠામાં પકડી લે તો પાંચ માણસ ને દબોચી નાખે એવી કાતરો હતી. ચારે બાજુ બીકનું દ્રશ્ય હતું.

પાતાળનાં પેહ્લાજ દ્વારને પાર કરવા પોહ્લા પોયરા માટે ઘણો મોટો પેહ્રો હતો. કિનારા પર જઈને પોહ્લો ઊભો હતો. છીછરા પાણીમાં નાની-નાની દેડકીઓ ડ્રાઉ.. .. .. ડ્રાઉ કરતી હતી.પોહ્લાના આગમનને જાણીને

બધી ડ્રાઉ.. .. .. ડ્રાઉ કરતી બંધ થઈ ગઈ. આ સાંજનો સમય હતો પોહ્લો જ્યાં ઊભો હતો ત્યાં જ નજીકમાં કેટલાક શિયાળ પણ ઊભા હતા. એક શિયાળએ પાણીમાં કૂદકો મારીને એક દેડકીને પકડી લીધી. શિયાળના મોમાંથી છૂટવા ફાંફાં મારતી દેડકીને બચાવો-બચાવો ની બૂમો પાડી.પોહ્લાને દયા આવતા દેડકીને બચાવી. શિયાળ ત્યાંથી ભાગી છૂટયા. પોહ્લાના હાથમાં તરફડિયાં મારતાં દેડકીએ પોહ્લાનો આભાર માનતા કહ્યું.

'તમે મારો જીવ બચાવ્યો છે, બોલો હું તમારા ઉપકારના બદલામાં શું આપુ?.

પોહ્લાની તો મંઝીલ જ દેખાતી હતી. એણે મનોમન વિચારીને દેડકીને કીધું,

'તમે મારી એક વિનંતી સ્વીકારશો?'

'મને મંજૂર છે.' દેડકીએ કીધૂ.

'તમને જો ખબર હોય તો મને પાતાળલોક જવા માટેનો રસ્તો બતાવો.

'આ તો ઘણું અઘરું કામ છે,એમ મારા જીવને પણ જોખમ છે. જો હું તમને રસ્તો બતાવું તો અનેક જીવ મને ખાવા તલપાપડ થશે. છતાંયે મારો જીવ બચાવ્યો  છે. હું રસ્તો બતાવીશ.'

પાતાળલોકની સાત બહેનો ને બહારનો બધો જ ખ્યાલ આપવા માટે રોજ સાંજે કરચલો જાય છે એને કોઈ રોકતું નથી એની સાથે જાય તો તમને કોઈ જ રોકશે નહિ. એના સિવાય તમને કોઈ જ પહોંચાડી શકે એમ નથી.

'મારે એમને કઈ રીતે મળવું ?'

'તમે કિનારે ઊભા રહીને એક ગીત ગાવાનું છે તે ગીત ગાસો તો એ તમારી પાસે આવશે ને તમને પૂછશે. એ ગીત ગાવાનું કારણ તરત જ તમારે કહેવાનું મારે સતી આસરાઈને મળવાનું છે' આ ગીત આમ ગાવાનું

" કાંચણાગ.. .. .. .. .. ઢીસળીંગ .. .. ..

ધમ્મા .. .. .. .. .. .. ધુરર.. .. કા

ચલ્લક .. .. .. .. મલ્લક .. ..

ચાલુ પોડી ગિયો "

આ ગીત અમે પાણીમાં રહેનાર પ્રાણીઓ જ જાણે છે. આ ગીત ગાઓ અમારાંમાના જળચર પ્રાણીઓ જ જાણે છે. આ ગીત ગાઓ અમારામાના જળચર પ્રાણીઓ સમજી જાય છે કે આપણાં અંદરનો જ કોઈ છે. એટલે તરત જ તમને તમારી ઈચ્છા પૂછી તમારે કહેવાનું મારે સાત બહેનોને મળવાનું છે. એ તમને સાથે લઈ જશે. દેડકીનો આભાર માની ગીત ગાવા લાગ્યો. વારંવાર ગાતો રહ્યો. કરચલા આ ગીત સાંભળી નાચતા-નાચતા

બહાર આવ્યા. એમાંથી ભૂરિયા કરચલાને શંકા જતાં તેણે ચકાસ્યુ.. કરચલાએ પોહલાને પૂછ્યું,

'હે માનવી તમને આ ગીત કોણે શીખવ્યું? ક્યાંથી આવો છો ? ક્યાં જવું છે? તમારી શું ઈચ્છા છે?'

'મારે સાત આસરાઈને મળવું છે' કહી એણે વાત વધારતા કહ્યું કે ,

'હું માછલી પકડવા આવ્યો છું,ઘણીવાર તમારું આ ગીત મે સાંભળ્યું છે. ત્યારે શીખી ગયો છું.'

આ ગીત ગાયું એટલે કરચલાને પણ મદદ કરવી પડે એમ લાગ્યું.ભૂરિયા કરચલાએ આસરાઈને મળવાની સહમતી આપી પરંતુ પાણી ઍટલે કે સમુદ્રના માલિક કાલીયામેઘ(મેઘરાયો) ને પહેલા મનાવવો પડે. મેઘરાયો ખૂબ જોરાવર દેવ હોવાથી એને મનાવવા માટે અઘરું હતું એને મનાવવા માટે વિધિ પણ કરચલો જાણતો હતો. એણે કઈ રીતે તે પણ દેડકા-દેડકી જ જાણતા હતા. એના આગમનનો સમય જૂન મહિનામાં થાય છે. એ આપણે બધાં જ જાણીએ છીએ. હાલના સમયે પાછા જવાનો સમય ફક્ત પંદર જ દિવસનો બાકી હતો. આ સમયે પશુ-પક્ષીઓ સુંદર રીતે સ્વાગત કરતાં હોય છે.વરસાદના આગમન પહેલા દર કે માળો બનાવવા પ્રાણીઓ-પક્ષીઓ પોતનીં વ્યવસ્થામાં જોડાય જાય છે. કિડીઓ દરમાં અનાજને ભરતી હોય છે.

પરંતુ વરસાદના આગમનને ઘણો સમય બાકી રહેતા કાલિયામેઘને મળવાનું મુશ્કેલ હતું. કાલિયમેઘ સાતે આશરાયો નું સ્થાન ગણાય છે. એના વગર સાંતી આસરાઈ નું જીવન અસંભવ હતું.

ભૂરિયા કરચલાએ પોહલાને કાલે મળવાનું કહી ચાલતાં થયાં. જોત-જોતામાં એના અંગૂઠા પાણીમાં ડૂબી ગયા. દેખાતા બંધ થતાં દેડકી પોહલા પોયરા પાસે આવી. પોહલાએ એને પોતાના હાથમાં ઊચકી લીધી પછી હથેળીમાં મૂકી પૂછ્યું,

‘કાલિયમેઘને મળવાનો રસ્તો આપ જ બતાવો’

‘તમે ચિંતા ન કરશો હું મેઘને જલ્દી લાવવાનો રસ્તો જાણું છું.’દેડકી એ કહ્યું આગળ ઉમેરતા કહ્યું કે ,

મેઘને વહેલા લાવવા એક વિધિ ‘પેચરો પુંજારો’(એક પ્રકારનું પક્ષી) અને ટુડો મોવડી જાણે છે. પેચરો-પુંજારોને ટુડો મોવડી પક્ષીઓમાં જાણકારી અને ચમત્કારી હતી. એઓ માનવીમાં પૂંજાતી પારંપરિક પૂજાનો વિધિ કરતાં. માનવીઓ ભેગા થઈ ઢોલ વગાડી બહનો મેઘના ગીત ગાતી આવી વિધિથી મેઘરાયો આવે છે ને હરકોઈ ખુશ થાય છે.શાંતિનું વાતાવરણ ઊભું થાય છે. કહેવાય કે દેવલોકોએ પણ કરેલી અને મેઘ માની ગયો હતો. ને વરસવા માંડ્યો હતો.

પોહ્લાએ જોહ્ કરી.

"હોક્ટ્ત વોલે બોખુત વોલે પોહ્લા પોયરા જોહ્ વોલે કાલિયામેઘૂલ હાદનારે આવી જાય"

(કાલિયા મેઘને મનાવનારા આવી જાય છે.)

તરત જ બધાં હાજર થઈ ગયા.બધા પોત-પોતાની જવાબદારી પ્રમાણે કામે લાગી ગયાં. દેવોમાંથી મહિલાઓ ગીતો ગાવા લાગી,પેચરો પૂજારો પૂજા કરવા લાગ્યો,ટુડો ધૂણવા લાગ્યો.આમ થોડા સમય ચાલ્યું આકાશમાં વાદળો નીકળવાં લાગ્યા.જોત-જોતામાં વાતાવરણ તૈયાર થઇ ગયું.આખું આભ કાળુંભમ થઈ ગયું.. .. ગાજવીજ થવા લાગી .. .. જોત-જોતામાં જોરદાર પવનની લહેરો સાથે વરસાદ વરસવા લાગ્યો. દેડકી તથા દેડકાઓ કટર .. કટર .. ને ડ્રાઉ .. ડ્રાઉ કરવા લાગ્યાં.

પોહ્લો પોયરો નદી કિનારે ઊભો હ્તો. કાળિયોમેઘ (મેઘરાજા)એમની સામે કાળોભમ્મ આવીને સાશ્વત હ્તો.

'હે પોહ્લા બોલ,શું કામ સતાવવા પડયો?' પોહ્લો આશ્ચર્ય પામ્યો .એને થયું મારુ-નામ/કામ કેમ જાણતો હશે?.

'મારે સાત આસરાના દેશમાં ,પાતાળમાં પાતાળલોક ને ત્યા ધમધણ રાજાની રાજકુંવરીને પાછો લેવા જાઉ છું,આપ મને મદદ કરો'

'જેવી તમારી ઈચ્છા' કહી નદી (સમુદ્ર)ને હાથ જોડી વિંનતી કરીને કહ્યું,

‘સાંતી આસરાઈ.. .. .. દેવીઓ,આવનાર પોહ્લાને એમની અમાનત મેળવવા મદદ કરશો.’

એટલામાં ભૂરિયો કરચલો બહાર આવ્યો. મેઘરાજાને વંદન કરીને કહેવા લાગ્યો.

‘હે દેવોના દેવ .. .. .. .. આપના ફરમાનને હું કબૂલુ છું. તમારા કીધા પ્રમાણે હું એમને સાંતી આસરાઈ સુધી પહોંચાડીશ. કિન્તુ .. .. ?’

‘તમારે કરવાનું છે એટલે જ કરો’ કહી મેઘરાજા લુપ્ત થયાં.

ભૂરિયા કરચલાએ પોહ્લાને પોતાની પીઠ પર બિરાજમાન થવા કહ્યું,ઝટ પોહ્લો એની પીઠ પર સવાર થઈ ગયો. કરચલો રટણ કરવા લાગ્યો.

ઢાચણામ .. .. .. .. .ઢીચણુંમ ..

ધમ્મા .. .. .. .. .. .. ધુરુરુક

ચાલક .. .. .. .. .. મલ્લક .. ..

ચાલુ પોડી ગીયો.

ભૂરિયાને પોહ્લાની શક્તિનો ખ્યાલ ન હતો. ગાવાનું બંધ કરવાથી પાણીમાંનો રસ્તો બંધ થઈ જશે એમ એણે હતું. એણે બધી હિંમત એકઠી કરીને ફરીથી ગાવાનું ચાલુ રાખ્યું. પોહ્લો એના ઉપર બેસીને એણેય ગાવાનું  ચાલ્યું રાખ્યું. રસ્તો એમનો એમ જ બન્યો રહ્યો.

આ બાજુ કાતરકાટ માછલીએ ફરીથી એની કાતરને મૂળ સ્વરૂપમાં લાવવાના પ્રયત્ન ચાલુ કરી દીધા. કાતર જેમ હતી તેમ એકત્ર થવા લાગી. એકત્ર થઈ ગઈ. મૂળ સ્વરૂપે આવતાવેંત એ કાતરકાટ માછલી ઊડી ગઈ. ફરી બમણા વેગથી પાછી એ જ રસ્તે ઊડતી ઊડતી પહેલાની ગતિમાં જ આગળ વધવા લાગી. એ સીધી ભૂરિયા કરચલાના ઉપલા ભાગ(ડિબાં)માં જઈને ઘૂસી ગઈ. પોહલો ધબ દઈને નીચે પડયો. ઘડીના છઠઠા ભાગમાં કરચલાના રામ રમી ગયા. ભૂરિયો કરચલો પાતાલ લોકમાંથી સીધો પૃથ્વી લોકમાં નદી કીનારે પડયો. એ મૂળ સ્વરૂપમાથી એક નાના સ્વરૂપમાં આવી ગયો. એ આજથી શ્રાપમુક્ત થઈ બંને પૃથ્વી અને પાતાળ લોકનો માલિક થયો. એ ત્યારથી પાણીમાં પણ રહે કહી ને જમીન પર પણ રહે છે. સંતાવવાનું હોય કે રહેવાનું એ પાણીમાં રહે અને ચરવા માટે પાણીની બહાર હોય. જમીન પરની લીલોતરીમાંથી ઘાસ  પણ ખાય છે ને પાણીમાંના સેવાળ વગેરે પણ ખાય છે.

કહેવાય છે કે દેવલોકમાં જ્યારે બધાને દેવો તરફથી પોત પોતાના લાયક કામ સોંપવામાં આવી રહ્યા હતા ત્યારે કરચલાએ સ્વેછિક રીતે દેવોના લક્ષ્મી ખંડની સંભાળની જવાબદારી લીધી હતી. એ રાત દિવસ લક્ષ્મીખંડની રખેવાળી કરતો. એની બાજુમાં જ એણે આલીશાન નિવાસસ્થાન આપવામાં આવ્યું હતું. એ આલીશાન નિવાસમાં પોતાના

પરિવાર સાથે હેમખેમ રહેતો હતો. સાથે દેવોએ એણે વાપરવાની છૂટ પણ આપી હતી જેથી દેવલોકમાં એનો મોભો જ સહુથી ઊંચો હતો. બધા દેવલોકમાં એને માનની નજરથી જોતા હતા. લક્ષ્મીની લહેરમાં એ અભિમાની થઈ ગયો હતો. ગમ્મે તેની સાથે ખરાબ વર્તન કરવા લાગ્યો હતો.

લક્ષ્મીખંડ(તિજોરી)ના મેદાનમાં રોજ કૂકડો ચરવા આવતો હતો. એ આખો દિવસ આ મેદાનમાં દાણા ચણતો અને અન્ય સાથીઓ સાથે મસ્ત રહેતો. એ જમાનામાં અનાજને લક્ષ્મી ગણવામાં આવતી. બધો વ્યવહાર ધાન ધાન્યની આદલા-બદલી પર ચાલતો. કોઈ કામે આવે તો એને કામને બદલે ધાન્ય આપવામાં આવતું હતું. જેની પાસે વધારે ધાન્ય હોય એને માલદાર ગણવામાં આવતા હતા. પશુઓ અને જમીનને પણ લક્ષ્મી ગણવામાં આવતા હતા. ધાન્યના સંગ્રહ સ્થાનને જ લક્ષ્મીખંડ કહેવાતો. દેવોના વખારમાંથી જરૂરિયાતવાળા લોકોને ધાન્ય આપવામાં આવતું હતું. કોઈ દેશમાં અથવા મુલ્કમાં અનાજ ખૂંટી જતું તો આ દેવોના વખારમાંથી અનાજ આપવામાં આવતું. બિયારણ વગેરે પણ અંહી જ સંગ્રહ થતું. જે વિસ્તારમાં બિયારણ ખૂટી જતું અંહિયા આવીને ખેડૂતો લઈ જતાં. એ વખતે ખેડૂતોને કાળો કૂનબી કહેવામાં આવતા કરચલાને દશ આંગળીઓ અને બે અંગૂઠા હોય છે. એ હંમેશા અંગૂઠાથી શિકાર કરે છે. આ બે વધારાના

અંગૂઠાથી દર કોતરવાનું કામ પણ કરે છે. એને એમ થયું કે લાવને હું પણ એક ભંડાર બનાવું. આ લક્ષ્મીભંડારમાંથી દાણા ચોરી-ચોરીને સંગ્રહ કરું. એણે લક્ષ્મીભંડારની બાજુમાં રાતના સમયે ખોદી-ખોદીને દર બનાવ્યું. ભંડાર બનાવ્યા પછી એમાં રાતના અનાજ સંગ્રહ કરવાનું વિચાર્યું. રાત્રે ભંડારની ભીંત નીચે ખોદીને દર બનાવ્યા. એ દરમાં ઘૂસીને દાણા વીણી-વીણીને એના ભંડારમાં ભરવા લાગ્યો. કેટલાક દાણા વેરાઈ જતાં જે સવારે મરઘો ચરતો. ધીમે રહીને આ રાજ મરઘો સમજી ગયો. મરઘો જાણી ગયો છે એની ગંધ કરચલાને આવી જતાં મરઘાને કાઢવા જાત જાતના પેંતરા કરવા લાગ્યો. આ બાજુ લક્ષ્મીભંડારમાંથી ધીમે-ધીમે એક ખૂણામાં અનાજના દાણા ઓછા થાય છે એની ખબર ભંડારમાંથી અનાજ કાઢતા(વ્યવહાર) કરતાં લેતા-દેતા દેવને સમજણ પડી. એમણે બંનેને સમજાવ્યા. દાણા ઘટવાની વાતને ધ્યાને લેવાની વાત કરી. કરચલો મરઘો ખાઈને જાય છે એમ કહી એને માથે પાડવા લાગ્યો. મરઘો હું નિર્દોષ છું એવી વાત લેતા-ડેતા દેવને કહે છે. છેલ્લે વાત દેવોના દેવ સુધી પહોંચે છે. કોઈ જ કબૂલાત નહી કરતાં બંનેને શ્રાપ આપે છે. બંને પૃથ્વીલોકમાં જઈ યાતાના વેઠશો એમ કહેએ દીધું. એઓ માછલી અને બીજો ભૂરિયો કરચલો થઈ રાત-દીવસ સાંતી આસરાઈને ત્યાં સેવામાં રહેતા. તેમને બંનેને શ્રાપ વખતે દેવોના દેવે કહ્યું હતું કે, ‘જ્યારે પોયરો પાતાળ લોકમાં રાજકુંવરીને

લેવા આવશે ત્યારે તમારી મુક્તિ થશે અને પૃથ્વીલોકમાં ફરીથી અવતાર લેશો.

આજે ભૂરિયો કરચલો પ્રાણ છોડીને પૃથ્વીલોકમાં આવ્યો. હવે હેમખેમ ફરી પૃથ્વીલોકમાં આવી એક સામાન્ય પ્રાણીનું જીવન જીવવાનું શરૂ કર્યું. રહી વાત માછલીની તો ભૂરિયો કરચલાના પ્રાણ છૂટયા પછી એકલો પડેલો પોહલો પોતાની જોહના બળે માછલી સાથે સંઘર્ષમાં ઉતર્યો.

ઓફ્રત વોલે બોફ્રત વોલે

પોહલા પોયરા જોહ વોલે

કાતરકાટ માસા.. આ

કાતુર ટિયાજ મુનકો વાડે..

ધનં.. ધનં .. કરતી કાતર પછી વળીને માછલીનું સર કાપતી અદ્રશ્ય થઈ ગઈ.

કાતરકાટ માછલી મરઘાનું રૂપ ધારણ કરી પૃથ્વીલોકમાં આવી ગયો. જે કાતર હતી એ પણ એના માથાના ઉપલા ભાગે ચાંચ સાથે જોડાઈને ઊભી દેખાય છે. દેવ-દેવીઓની બલીને ચડાવવા માટે કાતરવાળા મરઘાનો ઉપયોગ થાય છે.

આ બાજુ સાંતી આસરાઈ પણ પોહલાની રાહમાં હતી. પાતાળલોકના રાજા પાતાળદેવ પોહલા પોયરાના આ કારનામાથી ખૂબ જ પ્રભાવિત હતા.

આ બધી વાત એને આપમેળે જ મળતો હતો. પરંતુ પાતાળ લોકમાંથી એમનું સૈન્ય એક-એક પૃથ્વીલોક પરથી એમને જે જોહ(બાધા)ની વસ્તુઓ મળતી હતી તે ધમધોકરી રાજાએ બંધ કરી દીધી હતી. પોતાના રાજના તમામ લોકોને પાતાળ લોકના લોકોને બધુ જ આપવાનું બંધ કરી દેવડાવવામાં હતું એમાં ખાસ કરીને સાંતી આસરાઈને આપવામાં આવતી બંગડી-ટીકડી તથા અન્ય સામગ્રી બંધ કરી દીધી હતી. તે ફરીથી શરૂ થાય, પૃથ્વીલોકના લોકો આપતા થાય એ માટે સાંતી આસરાઈએ પાતાલદેવને ધમધોકરી રાજાની દીકરીને અંહી સુધી લગ્ન સમયે ખેંચી લાવવામાં આવી હતી અને એને પાછા લેવા માટે આવનાર પોહલો આ પૂરૂ કરી શકે એમ હતું.

કરચલો પૃથ્વી પર હોવા છતાં બધુ બરાબર હતું. રસ્તો પણ એમનો એમ જ હતો. પોહલો એ રસ્તે સાંતી આસરાઈના દરબારમાં પહોંચી ગયો. ત્યાંનાં સૈન્યએ એને આવકાર આપી સાંતી આસરાઈને ત્યાં હાજર કર્યો. પાતાળલોકમાં આવવાનું કારણ પૂછ્યું. એમણે રાજકુંવરીને પૃથ્વીલોકમાં લઈ જવાની વાત કરી. એ જ વિનંતીને સહર્ષ સ્વીકારવામાં આવી. પરંતુ સાંતી આસરાઈની બંગડી-ટીકડીની વાત રાજાને કબૂલવાની અને શરૂ કરવાની વાત થઈ. પોહલા પોયરાએ ફરી જોહ મૂકી,

ઓફ્રત વોલે બોફ્રત વોલે

પોહ્લા પોયરા જોહ વોલે

ધમધોકારી રાજાના દરબારમાં

પહોંચી જાઉ.. ..

પોહ્લો રાજાની સમક્ષ હાજર થયો. રાજાને સાંતી આસરાઈની માંગ મૂકી. રાજા નમી ગયા કારણ કે એને પોતાની દીકરી જોઈતી હતી. બંગડી-ટીકડી, દોરો, આખી સોપારી, કંકુ, અગરબત્તી, લોબાન, ઈંડું, પાન વગેરે સામગ્રી લઈ પોહ્લો પાતળલોકમાં પહોંચ્યો. સાંતી આસરાઈની માંગ પૂરી થતાં ખુશ થઈ. ધામધૂમથી રાજકુંવરીને વિદાઇ આપી.

રાજા તથા પ્રજા રાજકુંવરીના આગમનથી ખૂબ જ ખુશ થયા. રાજાએ દરબારમાં ફરમાન કર્યું કે હવે પછી સાંતી આસરાઈને જોઈતી વસ્તુ વર્ષ ભરમાં જ્યાં પણ પાણીના સ્ત્રોત હોય ત્યાં આપતા રહેવું. કન્યાના લગ્ન થઈ ગયા. પોહ્લાને ઇનામના ગામ, સેવકો વગેરે મળ્યા. એની વિધવા માં ખૂબ ખુશ થઈ. ગામ આખું પોયરાના પરાક્રમથી ખુશ હતું.

પોહ્લો ભૂત-બાબજીને ત્યાં ગયો. એમનો આભાર માની એમની આખી જિંદગીભર સેવા કરવાના પ્રાણ સાથે.. ખાધે-પીધે સુખી થયો.

વાર્તા અહી પૂર્ણ થાય છે. હવે લોકકથાના લક્ષણોની રીતે તપાસીએ તો લોકવાર્તા એ એક મૌખિક રીતે ચાલી આવતું સાહિત્ય છે. કહેવા-

સાંભળવાની કથા એટલે લોકકથા. આ લોકવાર્તામાં પણ આદિવાસી ભીલી બોલી દેહવાલીમાં કથા કહેવામાં આવી છે. બાર ગામે બોલી બદલાય એવું જ આ આદિવાસી બોલીઓનું હોય, પોહલો પોયરો લોકકથા જુદી-જુદી રીતે કહેવાતી આવી છે. કોઈ કથાકાર આ કથાને ટૂંકમાં જ પૂર્ણ કરે છે તો કોઈ લાંબી રીતે રજૂ કરતાં હોઈ છે. આ કથામાં ઘટના અને પ્રસંગો જોઈએ તો એક નમાલા છોકરાની ખરાબ પરિસ્થિતિ રજૂ થયેલ છે. કથાની શરૂઆતે પોહલાની ગરીબી બતાવી છે. જેમ જેમ કથા આગળ વધતી જાય છે એમ એમ કથા અનુરૂપ પ્રસંગોનું સુંદર વર્ણન પણ જોવા મળે છે. જ્યારે પોહલો રાજાના મહેલમાં પ્રવેશ કરે છે ત્યારે તેના રાજા જેવા જ રૂપનું સુંદર વર્ણન કરેલું છે. પ્રસંગોની વાત કરીએ તો આ લોકકથામાં અનેક સુંદર પ્રસંગો છે અને પ્રસંગો અનુરૂપ પાત્રો પણ છે. કથામાં કલ્પન ઠેર ઠેર જોવા મળે છે. કથાની શરૂઆતે જ ભૂતમામાથી લઈ રાજાના દરબારમાં કામ કરતાં લોકો, કથા આગળ વધતા પાતળલોકના પાત્રોનું વર્ણન સુંદર છે. દરેક પાત્રનું મહત્વ છે. કરચલાથી લઈ કાતરકાટ માછલી, સાતી આસરાઈઓના પાત્રો સુંદર રજૂ થયા છે. લોકકથા ગદ્યમાં હોવાથી હોંકારો લઈ લઈને કથા ચાલે છે. કથાનું મુખ્ય પાત્ર એટલે પોહલો પોયરો. આદિવાસીઓ પ્રકૃતિ સાથે જ વધુ જોડાયેલા હોવાથી કથામાં પણ પોહલાને શરૂઆતથી લઈ છેક સુધી પ્રકૃતિ સાથે જોડીને રાખ્યો છે. પરંપરાને જીવંત રાખવાની વાત આ પોહલા

પોયરાના પાત્ર દ્વારા સાર્થક થયેલ છે. સામાન્ય કથાઓની જેમ રાજા રાણી ખાધે પીધે સુખી થયાની જેમ આ કથા પણ સામાન્ય છે. પરંતુ આ કથામાં બોધ આપવાની વાત આવે ત્યારે માણસ પાસે કેવી કેવી શક્તિઓ પડેલ છે એ માણસને ખુદને ખબર નથી. જેનું વર્ણન કથામાં છે.

સંદર્ભ :

(૧) મોલ્હોબાય – ગીંબદેવ -સંશોધક-સંપાદક -ડૉ. જિતેન્દ્ર વસાવા પ્રથમ આવૃત્તિ-

૨૦૨૧

(૨) આદિવાસી અભ્યાસ -જિતેન્દ્ર વસાવા, પ્રથમ આવૃત્તિ- ૨૦૧૩ પૃ. નં. ૪

એજન- ૫

***કથાકાર :***

| *ક્રમ* | *નામ* | *ગામ* | *ઉંમર* | *શિક્ષણ* |
|---|---|---|---|---|
| *૧.* | ભીમસિંગભાઈ વળવી (ભીમા મહારાજ) | *ડાબરીઆંબા* | *૬૦* | *નિરક્ષર* |





કથાકાર ભીમાભાઇ વળવી



કથાકાર વસંતભાઈ વળવી